| | | |
|---|---|---|
| | **Commissionerate of Technical Education, Gujarat State**<br>**કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય** | G20 भारत 2023 INDIA वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE |

| | |
|---|---|
| છઠ્ઠા માળે, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ | 6th Floor, Block No. 2, Karmayogi Bhavan, Sector 10-A, Gandhinagar–382010 |
| ☎ : (079) 23253546<br>URL : https://dte.gujarat.gov.in | FAX : (079) 23253539 |
| e-mail : dire-dte@gujarat.gov.in, dteguj@gujarat.gov.in | |


ક્રમાંક : DTE/F(P)-AICTE/66_2/2022/5103

તા. 18 AUG 2023

પ્રતિ,
સર્વે આચાર્યશ્રીઓ,
સરકારી ઇજનેરી અને પોલીટેકનીક સંસ્થાઓ.

વિષય:-વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તે થનાર કાર્યક્રમમાં ઓનલાઇન જોડાવા બાબત.
સંદર્ભ:- ડેપ્યુટી સેક્રેટરીશ્રી, શિક્ષણ વિભાગનો ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી બાબતનો ઇ-મેલ.

મહોદયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભીત ઇ-મેલ દ્વારા મળેલ સ્વદેશી જાગરણ મંચ સંસ્થા ના પત્ર માં જણાવ્યા અનુસાર સદર સંસ્થા દ્વારા સોમવાર, ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩ને સમગ્ર ભારતમાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સ્વાવલંબી ભારત અભિયાનનો હેતુ માનનીય વડાપ્રધાન શ્રી નરેદ્ર મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાર્થક કરતા ભારતના યુવાનો આત્મનિર્ભર બને જેથી તેઓ ભારતને સાચા અર્થમાં વિશ્વને આર્થિક મોરચે મહાસત્તા બનાવવા તરફ દોરી જવાનો છે. આ અવસર પર, સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્વદેશી જાગરણ મંચના રાષ્ટ્રીય આયોજક આદરણીય કાશ્મીરી લાલજી વર્તમાન સમયમાં આત્મનિર્ભરતાની જરૂરિયાત પર વ્યાખ્યાન આપવાના છે, જે યુવાનોને પ્રેરિત કરવામાં મદદરૂપ થશે.

ઉક્ત બાબતે તા. ૨૨/૦૮/૨૦૨૩ના રોજ સવારે ૧૦:30 થી ૧૨:30 વાગ્યા સુધી યોજાનર ઓનલાઈન કાર્યક્રમમાં સંસ્થાના દરેક વિદ્યાર્થી ભાગ લે તે મુજબની વ્યવસ્થા કરવી. સદર કાર્યક્રમની લીંક નીચે જણાવ્યા મુજબની છે.

https://www.facebook.com/100069422880331/posts/pfbid0285qLqyBAbhh8BtKEmCVdd3pg
axnD88F2txEGdeZQ9Dfu9oUyM1MhSpn5k5MXzKbwl/?mibextid=qC1gEa

ઉપરાંત તા.૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૩ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિથી ૦૨ ઓક્ટોબર, ૨૦૨૩ ગાંધી જયંતિ સુધી સ્વદેશી સપ્તાહ છે, આ સપ્તાહને સ્વદેશી અને આત્મનિર્ભર સપ્તાહ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ દરમ્યાન સ્વદેશી અને આત્મનિર્ભર સપ્તાહને અનુરૂપ પ્રવૃતિઓ જેવી કે પ્રદર્શનો, પોસ્ટર સ્પર્ધાઓ અને ચર્ચાઓ વગેરેનું પણ સંસ્થાઓની અનુકૂળતા મુજબ આયોજન કરી તેના ફોટોગ્રાફસ અને રીપોર્ટ સહિતની માહિતી osd-aicte-dte@gujarat.gov.in ઇ-મેલ ઉપર મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત ટેકનિકલ શિક્ષણ નિયામક